જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૬/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી ૨૩૨ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૬૦૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૭૧૮૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કાર/સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય/ છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૯/૧૬**

**સરદારનગરઃ** સરદારનગર વિસ્તારમાં રહેતી ૩૬ વર્ષની પરણીતાએ તા.૨૫/૬/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઘર નજીક રહેતા આરોપી નરેશ ઉર્ફે બીડી ( જેના પુરા નામની ખબર નથી) એ દોઢ વર્ષથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પરણીતાને લગ્ન કરવાની લાલચ આપી ગાંધીનગર કોબા સર્કલ ખાતે હોટલમાં લઈ જઈ પરણીતાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો અને સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કર્યુ હતુ. તેમજ પરણીતા પાસેથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- લઈ જઈ પરત નહી આપી છેતરપીંડી કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર પટેલ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૦/૧૬**

**શાહીબાગઃ** રમીલાબહેન તેજાજી ઠાકોર (રહે. રાવળવાસ નીલકંઠ મહાદેવની ચાલી અસારવા ચકલા) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૬/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કીંજલબહેન (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે કે દેસાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૧/૧૬**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** દશરથભાઈ ગોવિંદભાઈ પરમાર (રહે.કરીમભાઈ કડીયાની ચાલી અમૃતનગરની સામે બહેરામપુરા) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૬/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ભાઈ ગીરીશભાઈ ગોવિંદભાઈ (ઉ.વ.૪૦) અસલાલી નારોલ તરફ જતા રોડ નંદા ઓટો પ્રા.લી.ની સામે થી રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા ટ્રક ચાલકે ટ્રક પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ગીરીશભાઈનુ ઘટના સ્થળે મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઈ.શ્રી કે.કે.પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૨/૧૬</u>**

**જીઆઈડીસી વટવાઃ** નવીનચંદ્ર ગૌરીશંકર પંડ્યા (ઉ.વ.૪૫) (રહે.કરેશ્વરપાર્ક સોસાયટી જબરીયા બાપાના આશ્રમ પાછળ વસ્ત્રાલ) તા.૨૪/૬/૧૬ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે જીઆઇડીસી વટવા ફેઝ-૨ પ્લોટ નંબર ૧૦૯/૨૨૦ માં સુપરવાઈઝર તરીકે ઈટીએફ ખાતામાં ચેકીંગ કરતા હતા ત્યારે ન્યુટલાઈઝર સાથે અથડાતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ જી હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ એ ઘાસુરા ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૩/૧૬</u>**

**મેઘાણીનગરઃ** નિલુબહેન પ્રમોદભાઇ ઉર્ફે અમરકેશ પાલ (ઉ.વ.૨૦) (રહે.વીરભગરસિંગની ચાલી, ગુરૂકૃપાનગર ભાર્ગવ રોડ, મેઘાણીનગર) તા.૨૦/૬/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ગેસ ઉપર જમવાનું બનાવતાં હતા દરમ્યાન તેમની સાડીને ઝાળ લાગી જતાં શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૬/૧૬ રાતના ૧૧/૩૦ વાગે મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સાગરભાઇ હરીભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)